અંતિમ પગથિયે ઊભો છે કળિયુગ



એક ગીતમાં કવિએ કળિયુગના અંતિમ સમયનું વર્ણન કર્યું છે. “રામચંદ્ર કહ ગયે સિયાસે, ઐસા કલજુગ આયેગા, હંસ ચુગેગા દાના દૂન કા, કૌવા મોતી ખાયેગા.”

શાસ્ત્રોમાં દર્શાવ્યું છે કે હળાહળ કળિયુગ ત્યારે ઉભરાશે જ્યારે પાવળે પાણી વેચાશે. પાણી જેવી મૂલ્યવાન વસ્તુ, જે અમૂલ્ય છે અને જેનું કોઈ મૂલ્ય આંકી ન શકાય, તેને પણ તોલી-તોલીને વેચવામાં આવશે. અન્ન પડીકે વેચાશે. વિજ્ઞાન માનવતાશૂન્ય બની જશે, કાયદાકીય વ્યવસ્થા આંધળી હશે. ધર્મસત્તા, રાજ્યસત્તા અને વિજ્ઞાનસત્તાથી મનુષ્ય ભયભીત હશે. કન્યા સ્વમુખેથી વર માંગશે. વાળ અને નખનો શણગાર વધી જશે. દોરડે દીવા બળશે. જ્યારે ચાર કૂવાઓ એક કૂવાનું પાણી ભરી શકે, પરંતુ ચાર કૂવાઓ મળીને એક કૂવાને ભરી ન શકે ત્યારે સમજવું કે કળિયુગ પોતાનો અંતિમ શ્વાસ લઈ રહ્યો છે. આ વાત કોઈ જડ કૂવાની નથી, પરંતુ ચૈતન્ય કૂવાઓની વાત છે.

આજના યુગમાં માતા-પિતા ચાર દીકરાઓના કૂવાને પોતાના કૂવાના પાણીથી એટલે કે પોતાની પાસે જે ધન છે તેમાંથી તેમને પાળી-પોષીને મોટા કરી શકે છે. તેમનાં લગ્ન કરાવીને કામ-ધંધે કે વેપારમાં લગાવી દેશે, પરંતુ શું તે ચાર દીકરાઓ એક માતા-પિતાની જરૂરિયાતો પૂરી કરી શકે છે? જ્યારે આવો સમય આવે છે ત્યારે દીકરાઓ નક્કી કરે છે કે ત્રણ-ત્રણ માસ માતા-પિતા દરેકની સાથે વારાફરતી રહેશે. જો આ રીતે શક્ય ન હોય તો તેમના માટે વૃદ્ધાશ્રમ શોધી લેશે. આ છે આજના સમાજની હાલત.

વર્તમાન સમયની પ્રાકૃતિક અસંતુલનની સ્થિતિને જોતાં વિજ્ઞાને પણ આ વાતની સાબિતી આપી છે કે હવે જે પ્રકારે વાતાવરણમાં પરિવર્તન આવી રહ્યું છે તે સ્પષ્ટ કરે છે કે હવે વધારે સમય નથી રહ્યો. દુનિયાભરના વૈજ્ઞાનિકો પણ ગ્લોબલ વોર્મિંગને કારણે ચિંતિત છે કે જો દુનિયાનું તાપમાન ૪-૫ ડિગ્રી વધી ગયું તો આ સૃષ્ટિ પર મનુષ્યોની હાલત કેવી થશે? તેની કલ્પના આજનો માનવ ક્યારેય ન કરી શકે. ગ્રીનહાઉસ ઈફેક્ટ વધવા લાગી છે. વાતાવરણમાં પ્રદૂષણ વધી રહ્યું છે. ઓઝોનના સ્તરમાં ગાબડાં પડી રહ્યાં છે અને ઓક્સિજનના સ્ત્રોત એવા વૃક્ષો કપાઈ રહ્યાં છે. મનુષ્યને જીવન જીવવા માટેની જરૂરી વસ્તુઓ નથી મળી રહી. આ બધી સમસ્યાઓ ઈશારો આપી રહી છે કે હવે કળિયુગ જ અંતિમ પગથિયે ઊભો છે.

જ્ઞાનામૃત
બ્રહ્માકુમાર અનિલ

પ્રાકૃતિક અસંતુલનને કારણે સંસારમાં મોટા પાયે ભૂકંપ આવી રહ્યા છે. જ્વાળામુખી ફાટી રહ્યા છે. ચક્રવાતી તોફાનો આવી રહ્યાં છે અને સુનામીની લહેરો ઊઠી રહી છે. મતભેદ, જાતિભેદ, ધર્મભેદ અને ભાષાભેદને કારણે લોહીની નદીઓ વહેવા લાગી છે. શું આપણે ધર્મગ્લાનિના હળાહળ કળિયુગની ચરમસીમા પર નથી ઊભા? યાદ કરીએ, સર્વશાસ્ત્ર શિરોમણિ ગીતાનું ભગવાન ઉવાચ મહાવાક્ય, ‘યદા યદા હિ ધર્મસ્ય’, અર્થાત્ જ્યારે જ્યારે ધર્મની અતિ ગ્લાનિ થાય છે, અધર્મ તેની ચરમસીમાએ હોય છે, ત્યારે હું સત્ય ધર્મની સ્થાપના કરવા દિવ્ય પરકાયાપ્રવેશ કરી આ ધરા પર દિવ્ય અવતાર ધારણ કરું છું.

શું તે ચાર દીકરાઓ એક માતા-પિતાની જરૂરિયાતો પૂરી કરી શકે છે? જ્યારે આવો સમય આવે છે ત્યારે દીકરાઓ નક્કી કરે છે કે ત્રણ-ત્રણ માસ માતા-પિતા દરેકની સાથે વારાફરતી રહેશે

નિરાકાર પરમપિતા પરમાત્મા શિવ સાકાર પ્રજાપિતા બ્રહ્માના તનમાં દિવ્ય પરકાયાપ્રવેશ કરી વર્તમાન સમયે આ ધરા પર અવતરીત થઈ ચૂક્યા છે. અનેક અધર્મનો વિનાશ કરી એક સત્ ધર્મની સ્થાપના ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગના અભ્યાસ દ્વારા બ્રહ્માકુમારીનાં પ્રત્યેક સેવા કેન્દ્રો પર વર્તમાન સમયે હજારો ભાઈ-બહેનો તેનો અનુભવ કરી રહ્યા છે. જીવનમાં સાચી શાંતિ અને સુખનો અનુભવ કરી રહ્યા છે અને જીવનને ધન્ય બનાવી રહ્યા છે. મિત્રો, ચાલો આપણે પણ આપણા જીવનમાં આ અલૌકિક અનુભવ કરીએ અને આપણા સહપરિવારને આ અનુભવ કરાવવા પ્રેરણાસ્રોત બનીએ. ઓમ શાંતિ...

રીલ લાઈફ અને રિયલ લાઈફ



થોડાં વર્ષો પહેલાં જે દુનિયાની આપણે કલ્પના પણ કરી શકતા નહોતા, આજે એ જ દુનિયા આપણી હથેળીમાં સમાઈ ગઈ છે. એક નાનકડો મોબાઈલ ફોન આપણને સમગ્ર વિશ્વ સાથે જોડી દે છે. આપણા ફોટોગ્રાફ્સ, વિચારો, લાગણીઓ, પસંદ-નાપસંદ અને જીવનની નાની-મોટી ઘટનાઓ ગણતરીની ક્ષણોમાં હજારો લોકો સુધી પહોંચી જાય છે. સોશિયલ મીડિયાએ અભિવ્યક્તિ માટેનાં નવાં દ્વાર ખોલ્યાં છે. પરંતુ આ ડિજિટલ ક્રાંતિની વચ્ચે એક મહત્ત્વનો પ્રશ્ન પણ ઊભો થયો છે : શું આપણે ખરેખર એવું જ જીવન જીવી રહ્યા છીએ, જે દુનિયાને બતાવી રહ્યા છીએ? આજે રીલ લાઈફે રિયલ લાઈફને ઘણી હદે પ્રભાવિત કરી છે. આપણી સવાર ઘણી વાર સૂર્યોદયનાં દર્શન કરતાં પહેલાં મોબાઈલની સ્ક્રીન જોવાથી શરૂ થાય છે. ભોજનનો સ્વાદ માણતાં પહેલાં તેનો ફોટો પાડવો જરૂરી લાગે છે. કોઈ સુંદર સ્થળે પહોંચીએ ત્યારે પ્રકૃતિનો આનંદ માણવાને બદલે ત્યાં કયો ફોટો સૌથી સારો આવશે, તેનો વિચાર કરવા લાગીએ છીએ. એટલું જ નહીં, ઘણી વાર ખુશી પણ અનુભવવાની બાબત રહેવાને બદલે પ્રદર્શિત કરવાની વસ્તુ બની ગઈ છે. આપણે જીવન જીવવા કરતાં જીવનને દુનિયા સમક્ષ રજૂ કરવામાં વધુ વ્યસ્ત થઈ ગયા છીએ. ડિજિટલ દુનિયાએ આપણને પોતાનું એક કૃત્રિમ વ્યક્તિત્વ ઘડવાની સગવડ પણ આપી છે. માત્ર થોડા ક્લિક્સ દ્વારા ફોટોગ્રાફ્સને વધુ સુંદર બનાવી શકાય છે, વીડિયોને મનગમતી રીતે સંપાદિત કરી શકાય છે અને શબ્દોના માધ્યમથી એવી છબી ઊભી કરી શકાય છે, જેને વાસ્તવિક જીવન સાથે કોઈ સંબંધ ન હોય. કોઈ વ્યક્તિ અંતરથી એકલતા અને ઉદાસી અનુભવતી હોય, છતાં તેની સોશિયલ મીડિયા પ્રોફાઈલ ખુશીઓથી છલકાતી દેખાય છે. કોઈના પારિવારિક સંબંધોમાં તણાવ હોય, પરંતુ તસવીરોમાં આખો પરિવાર અત્યંત આનંદિત દેખાય છે. ક્યાંક મિત્રતાના નામે માત્ર દેખાડો છે, તો ક્યાંક લોકપ્રિયતા મેળવવા માટે વ્યક્તિત્વનું પ્રદર્શન થાય છે, આમ, આપણી આભાસી ઓળખ અને વાસ્તવિક વ્યક્તિત્વ વચ્ચેનું અંતર સતત વધતું જાય છે.

જીવનની વચ્ચોવચ્ચ
શ્રીમદ્ ભગવદ્ ગીતા
સાધુ જ્ઞાનાનંદદાસ

આની અસર માત્ર આપણી જીવનશૈલી પૂરતી સીમિત નથી રહી; આપણા સંબંધો અને સંવેદનાઓ પર પણ તેની ઊંડી અસર થઈ રહી છે. પહેલાં સ્વજનોને મળવા માટે સમય કાઢવામાં આવતો હતો, આજે એક સંદેશ મોકલીને જાણે સંબંધની ઔપચારિકતા પૂરી કરી દેવામાં આવે છે. હજારો ઑનલાઈન મિત્રો હોવા છતાં માણસ એકલતા અનુભવે છે. જન્મદિવસે શુભેચ્છાઓનો ઢગલો થાય છે, પરંતુ મુશ્કેલીના સમયે સાથ આપનારા હાથ બહુ ઓછા જોવા મળે છે. સંબંધોમાં સંવાદ વધ્યો છે, પરંતુ ક્યાંક સંવેદનાની ઊણપ વર્તાય છે. શબ્દોની સંખ્યા વધી છે, પરંતુ લાગણીઓની ઊંડાઈ ઘટતી જાય છે. પરંતુ મહાપુરુષો આપણને આ દેખાડાની જીવનશૈલી પ્રત્યે સાવધાન કરે છે. આચાર્ય ચાણક્ય કહે છે કે મહાન પુરુષોના મન, વાણી અને કર્મમાં એકરૂપતા હોય છે; જ્યારે દુષ્ટ વ્યક્તિના મનમાં કંઈક જુદું, વાણીમાં કંઈક જુદું અને કર્મમાં કંઈક જુદું હોય છે. આ સૂક્તિ આપણને સાચા વ્યક્તિત્વની કસોટી સમજાવે છે. ગીતા પણ કહે છે કે જેમાં કપટ કે ઢોંગ ન હોય તે દૈવી પુરુષનું લક્ષણ છે. આ શિક્ષા માત્ર આધ્યાત્મિક જીવન માટે જ નહીં, પરંતુ દરેક વ્યક્તિના રોજિંદા વ્યવહાર માટે પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. જોકે, ડિજિટલ ટેક્નોલોજી પોતે ખરાબ નથી. તેના માધ્યમથી જ્ઞાનનો વ્યાપક પ્રસાર થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ ઘરબેઠાં શિક્ષણ મેળવી રહ્યા છે, દૂર રહેતાં પરિવારજનો એકબીજાના સંપર્કમાં રહી શકે છે અને સમાજસેવાનાં અનેક કાર્યોને નવી ગતિ મળી છે.

ક્યાંક મિત્રતાના નામે માત્ર દેખાડો છે, તો ક્યાંક લોકપ્રિયતા મેળવવા માટે વ્યક્તિત્વનું પ્રદર્શન થાય છે, આમ, આપણી આભાસી ઓળખ અને વાસ્તવિક વ્યક્તિત્વ વચ્ચેનું અંતર સતત વધતું જાય છે

હા, સદ્વિચારો, પ્રેરણાદાયી પ્રસંગો અને આધ્યાત્મિક સંદેશાઓ પણ લાખો લોકો સુધી પહોંચી રહ્યા છે. તેથી જરૂરિયાત ટેક્નોલોજીનો ત્યાગ કરવાની નથી, પરંતુ જેમ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ કહે છે કે તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. આપણે સમજવું જોઈએ કે ટેક્નોલોજી જીવનને વધુ સારું બનાવવાનું એક સાધન છે, જીવન પોતે નથી. ડિજિટલ દુનિયાનો ઉપયોગ આપણી માનવીય સંવેદનાઓને વધુ સમૃદ્ધ બનાવવા માટે થવો જોઈએ, તેમને વિસ્થાપિત કરવા માટે નહીં. આખરે, જીવનની સાચી સુંદરતા આપણે દુનિયાને શું બતાવીએ છીએ તેમાં નથી, પરંતુ વાસ્તવિક જીવનમાં આપણે કેવા છીએ તેમાં રહેલી છે.

રીલ્સની દુનિયામાં લોકપ્રિય બનવા કરતાં રિયલ લાઈફમાં વિશ્વાસપાત્ર, સંવેદનશીલ અને સદાચારી બનવું વધુ મહત્ત્વનું છે. કારણ કે સ્ક્રીન પરની છબી કદાચ લોકોને પ્રભાવિત કરી શકે, પરંતુ જીવનની સાચી ઓળખ તો આપણા વિચારો, વાણી અને આચરણથી જ બને છે.

